નામ :- ભાટી મનાલી ગોપાલભાઈ

Sem :- 1

રોલ. નં :- 272

PRN :- COC 2025272

વિષય :- COC

પેપર કોડ :- MJ-EPS-101

પેપર નું નામ :- Inclusive Education and Psychological strategies

સહિ :- M.G. Bhatti









1) શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિને સવિસ્તાર વર્ણવો.

• **મુલાકાત પદ્ધતિ**

**પ્રસ્તાવના :-**

મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ પણ છે અને એ અભ્યાસ સાધન પણ છે, જેની મદદથી મહત્વપૂર્ણ માહિ[તી] એકત્રિત કરવામાં આવે છે. મુલાકાત ને અંગ્રેજીમાં Intervi[ew] કહેવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' બે શબ્દોન[ો] બનેલો છે એટલે કે Inter + view = Interview. અંગ્રેજી શબ્દ Inter નો અર્થ છે અંદર અને view નો અર્થ છે - જોવું. આમ અંદર જોવાની પ્રક્રિયા એ જ મુલાકાત છે. અહીં જે વ્યક્તિનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે તેઓની આંતરિક બાબતોમાં ડોકિયું કરવામાં આવે છે.

મુલાકાતની અગત્યતા વિશે ઓલપોર્ટ (1954) નું કહેવું છે કે " જો આપણે એ જાણવા માંગીએ છીએ કે લોકો કઇ રીતે અનુભવે છે, શું અનુભવે છે, શું યાદ રાખે છે, તેના આવેગ અને પ્રેરણાઓ કયા પ્રકારની છે, તેઓના કાર્ય કરવાનું કારણ શું છે. તો તેઓને જ આપણે કેમ પૂછી ન લઇએ ?

સામાન્ય રીતે બે કે બેથી વધુ વ્યક્તિઓ દ્વારા કોઇ વિશેષ હેતુ માટે આમને સામને અથવા મોઢા-મોઢ અથવા સામ-સામી કરવામાં આવેલ વાતચીતને મુલાકાત કહેવામાં આવે છે.

ભટ્ટી મનાલી G.
M. G. Bhatti

Date: / /
Page No.:

મુલાકાતની વ્યાખ્યાઓ.

- " મુલાકાત આમને સામને કરવામાં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી અમુક માહિતી પ્રાપ્ત કરે છે. "
  - કેન્ઝીન

- " મુલાકાત એક આમને સામને આંતરવૈયક્તિક પ્રક્રિયા પરિસ્થિતિ છે જેમાં એક વ્યક્તિ (મુલાકાત લેનાર) મુલાકાત આપનાર વ્યક્તિ (ઉત્તરદાતા) ને સંશોધન સમસ્યા સંબંધી ઉત્તરો મેળવવા માટે પ્રશ્નો કરે છે. "
  - કરલિંગર

- " મુલાકાત અંતર્ગત બે વ્યક્તિઓ કે વધારે વ્યક્તિઓ વચ્ચે સંવાદ (વાર્તાલાપ) અથવા શાબ્દિક પ્રતિક્રિયાઓ થાય છે. "
  - હેડર અને લીડમેન

- મુલાકાત પદ્ધતિના સોપાનો :-

1) મુલાકાતનો હેતુ નક્કી કરવો :-
સૌથી પહેલા મુલાકાત કર્તા નક્કી કરે છે, કે તેઓ કઇ બાબત વિશે માહિતી પ્રાપ્ત કરવા માંગે છે જેને એક ઉદ્દેશ્ય માનવામાં કે ગણવામાં આવે છે.

2) મુલાકાતની યોજના બનાવવી :-
મુલાકાત સંચાલનની તાત્પર્ય મુલાકાત દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતોથી થાય છે. મુલાકાત દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતોથી... વાર્તાલાપનો આરંભ કરવો, સહાનુભૂતિ પૂર્ણ સંબંધ, પ્રોત્સાહન અને પુનઃ-

- સ્મરણ, ચીડ ઉત્પન્ન કરે તેવી બાબતો દૂર કરવી, સમય અનુસાર પ્રશ્નો કરવા અને અંતે મુલાકાતની સમાપ્તિનો સમાવેશ થાય છે.

3) **મુલાકાતમાં રેકોર્ડિંગ :-**

મુલાકાત રેકોર્ડિંગથી તાત્પર્ય મુલાકાત દરમિયાન જે માહિતી મળી રહી છે કે ઉત્તરદાતાની જે પ્રતિક્રિયાઓ મળે છે તેની નોંધણી કરવાથી છે.

4) **માહિતીનું વિશ્લેષણ :-**

પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવે છે. તેમજ અગર શક્ય બને તો માહિતીને આંકડા પરિવર્તન કરી આંકડાશાસ્ત્રી વિશ્લેષણ પણ કરવામાં આવે છે.

5) **અહેવાલ તૈયાર કરવો :-**

મુલાકાતના ઉપરોક્ત સોપાનો પૂરા થઈ ગયા બાદ મુલાકાતને લગતો અહેવાલ તૈયાર કરવામાં આવે છે જેમાં કોઈ પણ પ્રકારનો પક્ષપાત રાખવામાં આવતો નથી.

## મુલાકાત પદ્ધતિ પ્રકારો

1. અસંરચિત મુલાકાત
2. સંરચિત મુલાકાત
3. કેન્દ્રિત મુલાકાત અથવા અર્ધ-સંરચિત મુલાકાત

લાઠી મનાલી
M. G. Bhatti



## 1. અસંરચિત મુલાકાત

" અસંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાત સંરચના અગાઉથી નક્કી (પૂર્વ નિર્ધારિત) નથી હોતી અને મુલાકાતકર્તાને પોતાની સંશોધન સમસ્યાના સંબંધમાં પ્રશ્ન પૂછવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે તથા મુલાકાતકર્તાને મુલાકાત પ્રક્રિયાને પરિવર્તિત કરવાની પણ સ્વતંત્રતા હોય છે. ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓની આવશ્યકતા અનુસાર, તે મુલાકાત પ્રક્રિયામાં જરૂરી પરિવર્તન કરવા માટે સ્વતંત્ર હોય છે. "

– ડી. એન. શ્રીવાસ્તવ

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે, જેમ કે- અનિયંત્રિત મુલાકાત, અનિર્દેશિત મુલાકાત, અપ્રમાણિત મુલાકાત તથા અમાર્ગદર્શન મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાત-કર્તાનું મુલાકાત પર કોઈ નિયંત્રણ નથી હોતું. એટલે કે મુલાકાત કરતા પહેલા મુલાકાતની સંરચનાનું નિર્ધારણ મુલાકાતકર્તા નથી કરતો.

આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ નૃવંશશાસ્ત્રીઓએ આદિજાતિ સમાજની સમસ્યાના અભ્યાસ માટે કર્યો છે. મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને સમાજલક્ષી મનોવિજ્ઞાનની સમસ્યાઓના અભ્યાસો મુલાકાતની આ પદ્ધતિ દ્વારા ઘણાં બધા થયા છે. આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ સામાજિક સમસ્યાઓના અભ્યાસમાં તથા વ્યક્તિગત સમસ્યાઓના અભ્યાસમાં કરવામાં આવે છે.

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા પ્રશ્નોની યાદી, મુલાકાતની યોજના, મુલાકાત પ્રશ્નાવલી વગેરે અગાઉથી જ તૈયાર નથી કરતો. તે ઉત્તરદાતાની મુલાકાત લેતી વખતે જ ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓને જોઈને આવશ્યકતા

ભાટી મનાલી જે.
M. જે. ભાટી

અનુસાર જ પ્રશ્ન પૂછે છે અને સંશોધન સમસ્યાને લગતી માહિતી ઉત્તરદાતા પાસેથી એકઠી કરે છે. આ પ્રકારની મુલાકાતનું સંચાલન એવા જ મુલાકાતકર્તા કરી શકે છે કે જેઓને સંશોધનનું ઉચ્ચસ્તરીય જ્ઞાન છે. અને મુલાકાત લેવાની ટેક્નિકમાં કુશળ છે.

ઉદાહરણ: મેરયુ લિરસની "Moroccan Family Life" (મોરોક્કન કુટુંબજીવન) નો અભ્યાસ: મેરયુ લિરસ એ એક સામાજશાસ્ત્રી હતી જેણે મોરોક્કોના ગ્રામીણ વિસ્તારોમાં વસતા મુસ્લિમ પરિવારોનું જીવન અધ્યયન કર્યું હતું. તેણે અસંરચિત મુલાકાત મુલાકાતો દ્વારા મહિલાઓ અને પુરુષો બંને સાથે ઔપચારિક વાતચીત કરી જેમ કે લગ્ન સંસ્કાર, પર્દા પ્રથા, માતા-પિતા અને બાળકોના સંબંધો, ધાર્મિક માન્યતાઓ વગેરે વિષયો આવરી લીધા.

લાભ:

1. પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા
2. અભ્યાસમાં લચીલાપણું
3. ગુપ્ત કે અંગત માહિતી પ્રાપ્ત થાય છે.

મર્યાદા:

1. કુશળ મુલાકાતકર્તાની જરૂરિયાત
2. મહત્વના પાસા અનદેખા થવાની સંભાવના.
3. પૂર્વગ્રહની અસર થઈ શકે.

ભટ્ટી મનાલી જી.
M. G. Bhatti

Date: / /
Page No.:

## ૨. સંરચિત મુલાકાત

" સંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાતની સંરચના પૂર્વનિર્ધારિત હોય છે અને મુલાકાતકર્તાને સંશોધન સમસ્યાને લગતા નિશ્ચિત કે ચોક્કસ પ્રશ્નો સિવાય અન્ય પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા નથી હોતી તથા મુલાકાતકર્તાને મુલાકાતની પ્રક્રિયાને પણ પરિવર્તિત કરવાની સ્વતંત્રતા નથી હોતી. મુલાકાતકર્તા નિર્ધારિત મુલાકાત પ્રક્રિયા અને નિર્ધારિત પ્રશ્નો દ્વારા જ ચોક્કસ સમયમાં નિશ્ચય રહીને મુલાકાતને પુરી કરીને માહિતીનું એકત્રીકરણ કરે છે."

- ડી. એન. શ્રીવાસ્તવ

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે જેમ કે - નિયંત્રિત મુલાકાત, નિર્દેશિત મુલાકાત, પ્રમાણિત મુલાકાત તથા માર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર નિયંત્રણ હોય છે.

સંરચિત મુલાકાત પધ્ધતિમાં મુલાકાતકર્તા મુલાકાત લેતા પહેલા જ પ્રશ્નોનું નિર્માણ કરી લે છે. મોટાભાગે આ રીતે બનાવવામાં આવતી પ્રશ્નાવલીને મુલાકાત અનુસૂચિ કહેવામાં આવે છે. તેમાં તૈયાર કરવામાં આવેલ પ્રશ્નો એક નિશ્ચિત ક્રમમાં હોય છે અને સંશોધન સમસ્યા સાથે સંકળાયેલ દરેક પાસાઓને લગતા હોય છે. મુલાકાતકર્તા આ પ્રશ્નાવલીમાં લખેલા પ્રશ્નોને જ પૂછે છે. મુલાકાત અનુસૂચિમાં પ્રશ્નો એ રીતે તૈયાર કરવા જોઈએ કે પ્રશ્નોના ઉત્તરોથી ગુણાત્મક માહિતીના બદલે માત્રાત્મક માહિતી પ્રાપ્ત થાય. આવી મુલાકાતકર્તાએ પોતાની મુલાકાત અનુસૂચિમાં એવા પ્રશ્નો તૈયાર કરવા જોઈએ જેના ઉત્તર 'હા', 'ના', કે 'ખબર નથી', 'કંઈ કહી ન શકાય' વગેરેના રૂપમાં આપી શકાય જેથી તેનું સંકેતીકરણ કરીને ઉત્તરદાતાના જવાબોને સંખ્યામાં ફેરવી શકાય અને માત્રાત્મક માહિતી પ્રાપ્ત થાય. નિશ્ચિત કે સિમિત વિગતોવાળા પ્રશ્નોથી

ભારી મનાલી જે.
M. J. Bhatti

Date: / /
Page No.:

ઉત્તરદાતા પર પણ નિયંત્રણ રહે છે અને દરેક વ્યક્તિને એક સરખા જ પ્રશ્ન પૂછવાની રસ્તી સરળ થઈ જાય છે.

સંરચિત મુલાકાતનો સમય, સમયગાળો તથા સ્થળ નિશ્ચિત હોય છે. એટલે કે મુલાકાત કેટલા વાગ્યે શરૂ થશે, મુલાકાતનો સમયગાળો કેટલો હશે તથા મુલાકાત ક્યા સ્થળે લેવામાં આવશે વગેરે પૂર્વ નિશ્ચિત હોય છે. આમ, સંરચિત મુલાકાતમાં એક પ્રકારની ક્રમબદ્ધ મુલાકાત લેવામાં આવે છે કારણ કે તેમાં મુલાકાતની પ્રક્રિયા અને પ્રશ્નોનો ક્રમ નિશ્ચિત હોય છે.

ઉદાહરણ :- ભારતના જાણીતા સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસે કર્ણાટક રાજ્યના "રામપુર" ગામમાં સંસ્કૃતિના અભ્યાસ માટે સંરચિત મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. તેમણે Previously prepared પ્રશ્નાવલીઓના આધારે ગામના વિવિધ જાતિઓના લોકો સાથે મુલાકાત કરી, જેમાં લગ્ન, ધાર્મિક વિધિઓ, પવિત્ર-અપવિત્રતા, તેમજ વર્ણવ્યવસ્થાની માન્યતાઓ અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા. આ અભ્યાસે ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિના માળખાને સમજવામાં સંરચિત મુલાકાત પદ્ધતિની અસરકારકતા સાબિત કરી.

## લાભ

1. પક્ષપાતની ઓછી અસર
2. વસ્તુલક્ષીતા
3. વિશ્વસનીય પરિણામ
4. માપનમાં ચોકસાઈ

## મર્યાદા

1. નિષ્ક્રિય અભ્યાસ
2. પ્રશ્નનિર્માણમાં મુશ્કેલી
3. કૃત્રિમ ઉત્તર મળવાની સંભાવના

Date: / /
Page No:

3. <u>કેન્દ્રિત મુલાકાત અથવા અર્ધ-સંરચિત મુલાકાત</u>

આ પ્રકારની મુલાકાતમાં સંરચિત અને અસંરચિત મુલાકાત, બન્નેનું મિશ્રિત સ્વરૂપ જોવા મળે છે. આ પ્રકારની મુલાકાતમાં અસંરચિત મુલાકાતના લક્ષણો થોડા અને સંરચિત મુલાકાતના લક્ષણો વધુ જોવા મળે છે. આ વિશેષતાને કારણે જ આ પ્રકારની મુલાકાતને અર્ધ સંરચિત મુલાકાત કહે છે. આ પ્રકારની મુલાકાતનું બીજું અન્ય અગત્યનું લક્ષણ એ છે કે તેના દ્વારા અભ્યાસ કરવામાં આવતી સંશોધન સમસ્યા કોઈ ઘટના કે પરિસ્થિતિ સાથે સંબંધિત હોય છે અને સંપૂર્ણ મુલાકાત આ ઘટના કે પરિસ્થિતિ પર જ કેન્દ્રિત હોય છે. આ માટે તેને કેન્દ્રિત મુલાકાત કહે છે.

ઉદાહરણ: વિખ્યાત સંશોધક ક્લિફોર્ડ ગીર્ટ્ઝે ઇન્ડોનેશિયાના બાલિ ટાપુ પર થયેલા સંસ્કૃતિ અભ્યાસમાં અર્ધ-સંરચિત મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. તેમણે બાલિ ટાપુના લોકોમાં લોકપ્રિય રહેલી કોક ફાઇટ વિશે માહિતી મેળવતી વખતે, પૂર્વનિર્ધારિત પ્રશ્નો સાથે લોકો સાથે વાતચીત કરી પણ વાતચીત દરમિયાન નવા પ્રશ્નો ઉભરી સંસ્કૃતિના અર્થને ઊંડાણથી સમજી.



ભાટી મનાલી જી.
M.G. Bhatti

Date: / /
Page No.:

## • પ્રશ્નાવલી પદ્ધતિ

### પ્રસ્તાવના :-

પ્રશ્નાવલી વર્તાવિક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાઓનું અધ્યયન કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વ વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે.

### વ્યાખ્યાઓ :

- " સામાન્ય રીતે પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેને ઉત્તરદાતા સ્વયં ભરે છે."

  - ગુડે તથા હાટ્ટ

- " મોટા ભાગે એવા કોઈપણ સાધન માટે 'પ્રશ્નાવલી' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે જેમાં એવા પ્રશ્નો કે વિગતો હોય છે જેના ઉત્તર વ્યક્તિ પોતે આપે છે."

  - એફ. એન. કરલિંગર

પ્રશ્નાવલીના પ્રકારો અલગ - અલગ વિદ્વાનોએ અલગ - અલગ દર્શાવ્યા છે જેમ કે લુન્ડબર્ગ (1957) અનુસાર પ્રશ્નાવલી બે પ્રકારની હોય છે - 1) માહિતી સંબંધી પ્રશ્નાવલી, 2) મનોવલણ સંબંધી પ્રશ્નાવલી, જ્યારે પી.વી. યંગે (1996) પ્રશ્નાવલી ઉપયોગમાં લેવામાં આવેલ વિગતો કે પ્રશ્નોને આધારે પ્રશ્નાવલીના બે પ્રકાર દર્શાવ્યા છે. 1) બંધ પ્રશ્નોવાળી પ્રશ્નાવલી, 2) ખુલ્લા પ્રશ્નોવાળી પ્રશ્નાવલી.

ભાટી મનાલી બી.
M.G. Bhatti

Date: / /
Page No.:

1) નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી

આ પ્રકારની પ્રશ્નાવલીને બંધ પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલીની વિગતો કે પ્રશ્નોનું સ્વરૂપ એવું હોય છે કે જેના ઉત્તર સીમાબદ્ધ અથવા નિયંત્રિત હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રત્યેક પ્રશ્ન કે વિગતના અમુક નિશ્ચિત ઉત્તરો આપી દેવામાં આવે છે અને આ જ ઉત્તરોમાંથી પસંદ કરીને ઉત્તરદાતા પોતાની પ્રતિક્રિયા આપે છે. અહીં આપેલ વિકલ્પોમાંથી જ ઉત્તરદાતાએ જવાબ આપવાનો હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીના નીચે મુજબના પ્રશ્નો હોય છે.

1) પરંપરાગત વસ્ત્રો તમે ક્યારે પહેરો છો?
અ) હમેશા.
બ) તહેવાર સમયે.
ક) ભાગ્યે જ
ડ) ક્યારેય નહીં.

નિશ્ચિત કે સીમિત વિગતવાળી પ્રશ્નાવલીને સફળતાપૂર્વક પ્રયોગ કરવા માટે અમુક પૂર્વધારણા કરવામાં આવે છે.

A) નિદર્શ એટલે કે અભ્યાસમાં સામેલ કરવામાં આવેલ વ્યક્તિઓનો સમૂહ પ્રશ્નાવલીના વિષય-વસ્તુ થી સારી રીતે પરિચિત હોવો જોઈએ.

લાભ

1) સ્કોરિંગ સરળ
2) ઉત્તર આપવામાં સરળતા
3) સમય નો બચાવ

મર્યાદા

1) ઊંડાણ વિચારો જાણી શકાય નહિ
2) સીમિત વિકલ્પો.

મારી મનાલી જ
M. G. Bhavani

Date: / /
Page No.:

૨) વિસ્તૃત - વિગતોવાળી પ્રશ્નાવલી

આ પ્રકારની પ્રશ્નાવલીને ખુલ્લી પ્રશ્નાવલી પણ કહે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોનો જવાબ પોતાના શબ્દોમાં આપે છે. અહીં સંશોધનકર્તા દ્વારા પ્રશ્નોના જવાબ માટે કોઈ પ્રતિચાર વિકલ્પ આપવામાં આવતા નથી. ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોને વાંચી ને, તેને સમજીને તેનો ઉત્તર પોતાના શબ્દોમાં પ્રશ્નોની નીચે આપવામાં આવેલ ખાલી જગ્યામાં લખે છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર તે એક પંક્તિમાં કે એકથી અધિક પંક્તિઓમાં આપી શકે. આ પ્રકારના પ્રશ્નો નીચે મુજબ હોઈ શકે.

A) લોક સંસ્કૃતિને આવનારી પેઢી સુધી પહોંચાડવા માટે શું કરવું જોઈએ?

આમ, સ્પષ્ટ છે કે વિસ્તૃત વિગતવાળા પ્રશ્નોમાં ઉત્તરદાતા દ્વારા આપવામાં આવેલ ઉત્તરોના આધારે તેના ઉત્તરના શ્રેણી અને સંદર્ભ ની પણ જરૂર પડે છે.

૩) સંરચિત પ્રશ્નાવલી.

સંરચિત પ્રશ્નાવલી સામાજિક સર્વેક્ષણ અથવા સંશોધનમાં ઉપયોગમાં લેવાતી એવી પ્રશ્નાવલી છે જેની રચના વાસ્તવિક અભ્યાસ શરૂ થવા પહેલાં જ કરી લેવામાં આવે છે. અને સામાન્યરીતે ત્યારબાદ તેમાં કોઈ પરિવર્તન નથી કરવામાં આવતું. આ પ્રકારની પ્રશ્નાવલીની વ્યાખ્યા આપતા પી.વી. યંગ (1966) જણાવે છે કે "સંરચિત પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં નિશ્ચિત, મૂર્ત અને પૂર્વ નિર્ધારિત પ્રશ્નો હોય છે. પ્રશ્નાવલીના પ્રશ્નો પહેલેથી તૈયાર રાખવામાં આવે છે અને પ્રશ્નો પૂછતી વખતે તેને સ્થળ પર પ્રશ્નોનું નિર્માણ નથી કરવામાં આવતું." આ પ્રશ્નાવલીના પ્રશ્નો ખુલ્લાં પ્રકારનાં હોઈ શકે છે તથા બંધ પ્રકારના પણ હોઈ શકે છે.

4) <u>અસંરચિત પ્રશ્નાવલી.</u>

આ પ્રકારની પ્રશ્નાવલીની વ્યાખ્યા આપતા ફ્રેન્ચ જણાવે છે કે "અસંરચિત પ્રશ્નાવલી એવી પ્રશ્નાવલી છે જેમાં અમુક નિશ્ચિત વિષય-વસ્તુનો સમાવેશ કરવામાં આવ્યો હોય છે અને આ વિષયો વિશે મુલાકાત દરમ્યાન જ માહિતી મેળવવામાં આવે છે. પરંતુ આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નનું સ્વરૂપ અને ક્રમ નક્કી કરવામાં સંશોધનકર્તાને ઘણી સ્વાતંત્ર્ય હોય છે." વળી, પી.વી. યંગ (1966) જણાવે છે કે "અસંરચિત પ્રશ્નાવલી મુલાકાત નિર્દેશિકાની સમાન હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નોનું નિર્માણ પહેલેથી નથી કરવામાં આવતું. તેમાં માત્ર વિષય જ લખેલા હોય છે જેના આધારે માહિતી એકત્રિત કરવામાં આવે છે."

5) <u>ચિત્રમય પ્રશ્નાવલી</u> :-

સામાન્યરીતે પ્રશ્નાવલીનો ઉપયોગ માત્ર શિક્ષિત સમૂહ માટે કરવામાં આવે છે, પરંતુ જો કોઈ સમૂહ ઓછો શિક્ષિત છે અને વળી અહીં તેઓની સાથે કોઈ કારકિર્દીસભર પ્રત્યક્ષ સંપર્ક સ્થાપિત કરવો મુશ્કેલ છે તો આવી પરિસ્થિતિમાં ચિત્રમય પ્રશ્નાવલી દ્વારા માહિતી એકઠી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવી પ્રશ્નાવલીમાં પ્રત્યેક પ્રશ્નને ખૂબ સરળ રીતે રજૂ કરવામાં આવે છે. અને તેના સંભવિત ઉત્તરોની જગ્યાએ વિભિન્ન ચિત્રો એ રીતે દર્શાવવામાં આવે છે કે જેથી ઉત્તરદાતા ચિત્રોના આધારે પોતાના ઉત્તર સામે સરળતાથી ચિહ્ન કે ટીક કરી શકે.

લારી મનાલી. જ.
M.જ. Bhumi

Date: / /
Page No.:

6) મિશ્રિત પ્રશ્નાવલી

મિશ્રિત પ્રશ્નાવલી એવી પ્રશ્નાવલીને કહેવામાં આવે છે જેમાં કોઈ એક પ્રકારના પ્રશ્નો ન હોતા અનેક પ્રકારના પ્રશ્નો હોય છે. આવી પ્રશ્નાવલીમાં બંધ પ્રશ્નો, ખુલ્લા પ્રશ્નો, ચિત્રમય પ્રશ્નો, સંરચિત પ્રશ્નો, અસંરચિત પ્રશ્નો, વગેરેમાંથી કોઈ પણ પ્રકારના પ્રશ્નો હોય છે. કોઈ વિશેષ માહિતી અથવા વિચાર પ્રાપ્ત કરવા માટે જે પ્રકારના પ્રશ્નોને સૌથી અધિક ઉપયુક્ત માનવામાં આવે છે તેને આ પ્રકારની પ્રશ્નાવલીમાં સમાવેશ કરવામાં આવે છે.

• પ્રશ્નાવલી પદ્ધતિના લાભ

1. નિષ્પક્ષ અભ્યાસ
2. વસ્તુનિષ્ઠ અભ્યાસ
3. વિશાળ સમુદાયના અભ્યાસમાં ઉપયોગી
4. ઝડપી અભ્યાસ
5. ઓછો ખર્ચ
6. ઓછા સમયમાં વધુ માહિતી
7. સરળ અને સુવિધાજનક પદ્ધતિ
8. વિશ્વસનીયતા તપાસવાની શક્યતા
9. સ્વશાસનની સુવિધા
10. આંકડાકીય વિશ્લેષણની શક્યતા

ભાટી મહેશ જી.
M. G. Bhati

- **પ્રશ્નાવલી પદ્ધતિની મર્યાદાઓ**

1. સિમિત લોકો સુધી મર્યાદિત
2. અધૂરી માહિતી
3. પ્રતિગ્રહની સમસ્યા
4. અસ્પષ્ટ જવાબ
5. ઊંડા અભ્યાસમાં મુશ્કેલી
6. ભાવનાત્મક ઉત્તરદાતાની અભાવ
7. પ્રશ્નો સમજવામાં મુશ્કેલી.

